



# આંગણવાડીમાં બાળકો માટે ભજવે છે ‘મા’ની ભૂમિકા

**આપણે આંગણવાડી આ શબ્દથી પરિચિત છીએ પણ આંગણવાડીમાં માત્ર બાળકોની દેખભાળ કરવામાં આવે છે એનાથી વિશેષ માહિતી બહુ ઓછા લોકોને છે. ખરેખર તો આંગણવાડી 6 વર્ષથી નાનાં બાળકો, સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓના આરોગ્ય, પોષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટેની પાયાની સંસ્થા છે. આંગણવાડીનો મુખ્ય ઉદ્દેશ બાળકોમાં કુપોષણ ઘટાડવાનો અને શિક્ષણનો પાયો મજબૂત કરવાનો છે. આંગણવાડીમાં બાળકોની સંભાળ માટે કાર્યકર અને તેડાગર બહેનો હોય છે. સુરતમાં વિવિધ વિસ્તારોમાં 1093 આંગણવાડીઓ છે જેમાં 1082 કાર્યકર બહેનો અને 1063 હેલ્પર છે. તમને જાણીને નવાઈ લાગશે પણ સુરતની આંગણવાડીઓમાં Ph.D કરી રહેલી મહિલાઓ સહિત ઉચ્ચ શિક્ષિત મહિલાઓ પણ કાર્યકર તરીકે જોડાઈને 6 વર્ષ સુધીનાં નાનાં બાળકો, સગર્ભા મહિલાઓના આરોગ્ય સંબંધિત સેવાકાર્ય કરે છે. નાનાં બાળકોની સંભાળ રાખવી તેમને ક ખ ગ શીખવાડવું એટલું ઈઝી નથી હોતું અને માત્ર તેમનું કામ બાળકો પૂરતું મર્યાદિત નથી. આ કાર્યકર બહેનોએ હેલ્થને લગતાં બીજાં ક્યાં ક્યાં કાર્યો, કોના કોના માટે કરવાના હોય છે, 5થી 6 કલાક બાળકો સાથે રહ્યા બાદ ઘરે તેમને આ બાળકોની યાદ આવે છે ખરી, શું શરૂઆતમાં તેમને કાર્યકર તરીકેનું કામ અઘરું લાગ્યું હતું અને હવે તેઓ શું ફીલ કરે છે? વગેરે પ્રશ્નોના જવાબ કેટલીક આંગણવાડી કાર્યકર બહેનો પાસેથી જાણીએ...**

## બાળકોને વેસ્ટમાંથી બેસ્ટ બનાવતા શીખવાડીએ, બાળકોના બર્થડે સેલિબ્રેટ કરીએ: રિમ્પલ પટેલ



પાર્લેપોઇન્ટ વિસ્તારમાં રહેતાં 32 વર્ષીય રિમ્પલબેન પટેલ 5 વર્ષથી આંગણવાડીમાં જોબ કરે છે. તેમણે જણાવ્યું કે, ‘‘મેં B.Com. કર્યું છે અને મને ટીચિંગનો શોખ છે. પહેલાં મને ખ્યાલ નહોતો કે, આંગણવાડીમાં શું કરવાનું હોય છે. પછી તો અહીં બાળકોને ભણાવવાનું, રમાડવાનું, તેમને વેસ્ટમાંથી બેસ્ટ બનાવતાં શીખવાડવાનું, તેમના હેલ્થને લગતાં કાર્યો કરવાનાં, પૌષ્ટિક આહાર પીરસવાનો આ કામો ઉપરાંત સગર્ભા અને ધાત્રી માતાઓના હેલ્થ બાબતની સેવાઓ આપવાની એટલે આ એક રીતે સેવાનું કામ હોવાથી મને આ કામ કરવું ગમે છે. હું નવા કમેલા સંજયનગરની આંગણવાડીમાં જોબ કરું છું. બાળકોને બીમારી બાબતના ચેકઅપ કે સારવાર માટે અમે બાળકોને તેમનાં પેરેન્ટ્સ સાથે ઓટોરિક્ષામાં હોસ્પિટલ સુધી લઈ જવાનું સેવાકામ પણ કરીએ. અમને 12 મહિનાની અલગ અલગ થીમ આપવામાં આવે તેની પર બાળકોને ભણાવીએ અને એક્ટિવિટીઝ કરાવીએ. આ માર્ચમાં પાણીની થીમ છે તો અમે બાળકને કઈ રીતે હાથ ધોવા, માટલામાંથી પાણી કઈ રીતે કાઢવું તે પણ શીખવાડીએ. બાળકો સાથે અમે પણ જમવા બેસીએ એટલે બાળકોને તે બહુ ગમતું હોય, તેમને મજા આવી જતી હોય છે. અમે પોતે પણ બાળકો સાથે બાળક બની તેમની સાથે બોલબેટ રમીએ. તેમને ચાર ખૂણાની ગેમ, સંગીતખુરશી રમાડીએ. વેસ્ટમાંથી બેસ્ટ કઈ રીતે બનાવાય તે પણ શીખવાડીએ છીએ. પ્રેગ્નન્ટ વુમનના મમતા કાર્ડ બનાવવાનાં કામ પણ અમે કરીએ જેથી તે કાર્ડ બાળકના રસીકરણમાં કામમાં આવે. બાળક જ્યારે આંગણવાડીમાં આવે ત્યારે તેની બર્થડેનું અમે સેલિબ્રેશન કરીએ. હું સવારે આવું એટલે પહેલા દીવાબત્તી કરું અને બોર્ડને શણગારું. બાળકો 10 વાગ્યા બાદ આંગણવાડીમાં આવવા લાગે. જે કિશોરીઓ ભણવા ન જતી હોય તેનાં પેરેન્ટ્સને દીકરીને ભણાવવા માટે સમજવાનું કામ પણ અમે કરીએ.’’




## આંગણવાડીમાં જોડાઈ ત્યાર બાદ મેં બી.એ., એમ.એ. કર્યું: પ્રિયંકાબેન સોનવણે

પુણા ગામ, કારગીલ ચોક વિસ્તારમાં રહેતાં 39 વર્ષીય પ્રિયંકાબેન સોનવણે 10 વર્ષ પહેલાં આંગણવાડીમાં નોકરીએ લાગ્યાં ત્યારે તેઓ માત્ર 12મું ધોરણ પાસ હતાં. આંગણવાડીમાં નોકરી સાથે તેમણે બી.એ., એમ.એ. કર્યું. તેમણે પી.ટી.સી. આંગણવાડીમાં જોડાતા પહેલા કર્યું હતું. તેમણે જણાવ્યું, ‘‘પહેલાં તો મને ખબર નહોતી કે આંગણવાડીમાં ક્યાં ક્યાં કામો કરવાનાં હોય. શરૂઆતમાં વસ્તીમાં સર્વે કરવાનું કામ મને અઘરું લાગ્યું હતું. મને ત્યારે આ નોકરીમાંથી રાજીનામું આપવાનું મન થતું. હું હસબન્ડને કહેતી મને આ જોબ માટે તમે શું કામ કહ્યું? ત્યારે તો જૂની કાર્યકર બહેનો મને કહેતી ધીરે ધીરે તમને આંગણવાડીમાં કામ એટલું સારું લાગશે કે પછી તમને આંગણવાડીની જોબ છોડવાનું મન ક્યારેય નહીં થાય અને હવે ખરેખર મને આ કામ બહુ જ ગમે છે. પછી તો મારા દીકરાનો જન્મ થયો અને મેં તેનો ઉછેર અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ આંગણવાડીમાં જ કરાવ્યું. અહીં બાળકોનો માનસિક અને શારીરિક વિકાસ અમે કરાવતા હોઈએ. નાનાં બાળકોના માનસિક વિકાસ માટે અમે ચણા, સીંગદાણા, મગ, મઠની નાની નાની ઢગલી કરી બાળકોને તેમાંથી ચણા, દાણા છૂટા પાડવાનું કહીએ. એને કારણે તે આ કઠોળ, દાણા ઓળખતા શીખે, નાનીમોટી વસ્તુ કઈ તેની સમજ પડે. તેમને દોડપકડ, અંદરબહાર, ચાર ખૂણાની રમત, સંગીતખુરશી રમાડીએ. હવે બાળકો માટે એવી માયા બંધાઈ ગઈ છે કે હવે એવું લાગે કે આ બાળકો સાથે હજી વધારે ટાઈમ સ્પેન્ડ કરવા મળે તો કેટલું સારું! બળકો પણ આંગણવાડીમાં આવે એટલે અમારી સાથે એટલી વાતો કરે કે જાણે ઘરનું મેમ્બર છે એવું જ ફીલ થાય.’’





## મને પોલિયો છે, કોઈ બીજા બાળકને આવું નહીં થાય તે માટે બાળકોને પોલિયોની રસી નિયમિત મળે તેનું ધ્યાન રાખું: રીટા પવાર



37 વર્ષીય રીટાબેન પવાર સણીયા ગામમાં રહે છે. તેઓ 18 વર્ષથી આંગણવાડીમાં નાનાં બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ અને કિશોરીઓ માટે પોષક આહાર, હેલ્થ રિલેટેડ કાર્ય કરે છે. રીટાબેને જણાવ્યું કે, ‘‘બાળક જન્મે ત્યારથી લઈને તેના રસીકરણનું ધ્યાન રાખીએ. અઢી કિલોથી ઓછું વજનનું બાળક હોય તો અઠવાડિયે બે વખત બાળકના ઘરે જઈ તેના આરોગ્યને લગતી તપાસ કરીએ. બાળકોને બાળશક્તિ પ્રીમિક્સ પૌષ્ટિક આહાર, સગર્ભા મહિલાને માતૃશક્તિ પ્રીમિક્સ અને કિશોરીઓને પૂર્ણા પ્રીમિક્સ પૌષ્ટિક આહારના પેકેટ આપીએ. મને પોલિયો છે એટલે જ્યારે આંગણવાડીમાં ભરતી વખતે મને સવાલ કરાયો હતો કે કોઈ બીજું બાળક શારીરિક ખામીવાળું ના જન્મે તેના માટે તમે શું કરશો તો મેં જવાબ આપ્યો હતો કે બાળકને તમામ રસી સમયસર અપાય તેનું ધ્યાન રાખવાનું મારું કામ રહેશે. અમારે ત્યાં જે કિશોરીઓ છે તેમને અમે વેસ્ટમાંથી બેસ્ટ બનાવતાં પણ શીખવાડીએ. જેમ કે, ફૂલદાની, પગલૂછણિયું, ફોટોફ્રેમ... આ બધી એક્ટિવિટીઝ પણ થાય છે. મારા હસબન્ડનું નિધન થયું છે એટલે હું અત્યારે મારાં દીકરા-દીકરી સાથે મારાં પેરેન્ટ્સને ત્યાં રહું છું. બપોરે મારા દીકરાનું ધ્યાન મારી મમ્મી રાખે. સવારે આંગણવાડીમાં બચ્ચાંઓ આવતાંની સાથે તેમની કાલીઘેલી ભાષામાં ગઈકાલે ઘરમાં શું બનાવ્યું હતું, ક્યાં ફરવા ગયાં હતાં એવી નાની નાની વાતો કરે ત્યારે અમને પણ બાળકોની કાલીઘેલી વાતો સાંભળવી ગમે.’’

## મને મારા હસબન્ડે આંગણવાડીમાં જોડાવા પ્રોત્સાહિત કરી હતી: સ્નેહા બંગાળી



પાલ-હજીરા વિસ્તારમાં રહેતાં 41 વર્ષીય સ્નેહાબેન બંગાળી રસુલાબાદ ભટારની આંગણવાડીમાં કાર્યકર છે. તેમણે જણાવ્યું કે, ‘‘15 વર્ષ પહેલાં જ્યારે મેં આંગણવાડીમાં નોકરીની શરૂઆત કરી ત્યારે મને કામ અઘરું લાગ્યું હતું એટલે હું આ નોકરી નહોતી કરવા માંગતી ત્યારે મારા હસબન્ડે મને કહ્યું હતું આ કામ તારાથી કેમ નહીં થાય, તું એક મહિનો કરીને તો જો, આ રીતે તેમણે મને આ કામ માટે પ્રોત્સાહિત કરી હતી. પહેલા તો આંગણવાડીમાં શું કામ કરવાનું હોય તેનો કોઈને ખ્યાલ નહોતો. ત્યારે માત્ર બે કલાકની નોકરી હતી. હવે 6 કલાકની નોકરી છે. અમારું કાર્યકરોનું કામ બાળક પહેલા ધોરણમાં પ્રવેશ કરે તો તે માટે તેને પહેલાંથી પ્રીપેર કરવાનું હોય છે. અમારે વિસ્તારમાં હેલ્થ સંદર્ભે સર્વે કરવા પણ જવાનું હોય. આ સર્વે દરમિયાન એક બાળક બહુ રડતું જોવા મળ્યું તેની મેં હેલ્થ તપાસ કરાવવાનું માતાપિતાને સૂચન કર્યું. આંગણવાડીમાં ડોક્ટર બોલાવી તપાસ કરતાં બાળકના હૃદયમાં ખામી જણાઈ, તે બાળકનું પછી તો આયુષ્માન કાર્ડ બનાવવા, રેશનકાર્ડમાં નામ દાખલ કરવા મેં અન્ય વિભાગો સાથે મળીને પ્રયત્ન કર્યા. પછી બાળકનું સફળ ઓપરેશન થયું. આજે તે બાળક સ્વસ્થ છે. એક બાળક તેની માતાના પેટમાં હતું ત્યારે જ તેના પગમાં ખામી હોવાનું જણાયું તે બાળકના જન્મ બાદ તેની સારવારમાં મારા પણ પ્રયત્નો રહ્યા. આજે તે બાળક પણ સારી રીતે ચાલી શકે છે. હું શૂન્યથી 6 વર્ષનાં બાળકો, સગર્ભા અને ધાત્રી માતા, કિશોરીઓ એમ કુલ 123 લાભાર્થીઓની દેખભાળ કરું છું.’’

## બાળકોની ઊંચાઈ વધે તેવા યોગા કરાવું છું, રવિવારે ઘરે બાળકોને મિસ કરું: માયા બડગુજર



પાંડેસરા વિસ્તારમાં રહેતાં 38 વર્ષીય માયાબેન બડગુજર 14 વર્ષથી આંગણવાડીમાં કાર્યકર તરીકે નોકરી કરે છે. તેમણે જણાવ્યું કે, ‘‘હું યોગા ટ્રેનર પણ છું એટલે આંગણવાડીમાં આવતાં બાળકોની ઊંચાઈ વધે તેવા યોગા શીખવાડું છું. અમારું કામ બાળકોનો શારીરિક, માનસિક વિકાસ થાય તેવું કાર્ય કરવાનું છે. દર મહિને બાળકની ઊંચાઈ માપવાની હોય અને વજન કરવાનું હોય. મારું બાળપણથી ટીચર બનવાની સાથે સેવાનાં કામ કરવાનું સપનું હતું જે આગંણવાડીમાં જોડાવાની સાથે પૂરું થયું. જો કોઈ બાળક રડતું હોય તો તેને ચૂપ કરવાનું કામ આમ તો હેલ્પરનું છે પણ જો હેલ્પર બાળકને નહીં રડવા સમજાવી નહીં શકે તો હું બાળકને મારા ખોળામાં બેસાડી તેને નહીં રડવા સમજાવું અને બીજાં બાળકો રાઉન્ડમાં બેસીને તે બાળકને નહીં રડવા સમજાવે. આંગણવાડીમાં આવતાં બાળકો સાથે સોમથી શનિવાર સુધી રહેવાનું હોય એટલે બાળકો પ્રત્યે સ્નેહભાવ ઘણો વધ્યો હોય. તેમના પ્રત્યે માયા બંધાઈ ગઈ હોય. રોજ બાળક આંગણવાડીમાં આવે ત્યારે જય શ્રી કૃષ્ણ બોલે અને ઘરે જતી વખતે પણ જય શ્રી કૃષ્ણ બોલતા હોય એ બધું બહુ ગમતું હોય. હવે જયારે રવિવારે આંગણવાડી બંધ હોય ત્યારે ઘરે આ બાળકોને હું બહુ મિસ કરતી હોવ. હું ઘરના લોકોને રવિવારે દરેક બાળક વિશે વાત કરું. સગર્ભા મહિલા હોય તેના ઘરની મુલાકાત કરી તેનાં ભોજન, વજન વિશે જાણવાનું હોય. તેને રસીકરણની સમજ આપવાનું મારું કાર્ય છે. ધાત્રી માતા હોય તેને દર મહિને બાળકને આંગણવાડીમાં વજન કરવા લઈ આવવા સમજાવીએ. આ ઉપરાંત કિશોર વયની છોકરીઓને પિરિયડ સમયે સ્વચ્છતા બાબતે સમજાવીએ.’’

## હું Ph.D કરું છું સાથે આંગણવાડીમાં નાનાં બચ્ચાઓને પૂર્વ શિક્ષણ આપું છું: પાયલ વરિયા



અમરોલી વિસ્તારમાં રહેતાં 29 વર્ષીય પાયલ વરિયા છાપરાભાઠા સ્થિત આંગણવાડીમાં છેલ્લાં દોઢ વર્ષથી કાર્યરત છે. તેમણે જણાવ્યું કે, ‘‘હું કોલેજમાં પ્રોફેસર હતી ત્યાં સેલરી પણ સારી હતી. જો કે મને પ્રેગ્નન્સી રહી પછી હું કોલેજ માટે પૂરતો સમય આપી શકું એમ નહોતું. મારું બાળક પ્રાયોરિટી હોવાથી મેં પ્રોફેસરની જોબ છોડી. મારા હસબન્ડે મને ઘરે બેસીને ગવર્મેન્ટ એક્ઝામની તૈયારી કરવા કહ્યું જેથી પરીક્ષાની તૈયારી સાથે બાળકની દેખરેખ પણ સારી રીતે થાય. પછી હું આંગણવાડી કાર્યકર માટે ફોર્મ ભરી આંગણવાડી સાથે જોડાઇ ગઈ અને સાથે Ph.D પણ કરું છું. હું અહીં નાનાં બચ્ચાઓને પૂર્વ શિક્ષણ આપું એમાં એમને બારાખડી, એબીસીડીનું નોલેજ આપીએ. તેમને ડ્રોઈંગ શીખવાડું, બાળકોને રમાડીએ. આ ઉપરાંત 15થી 18 વર્ષની છોકરીઓને આયર્નની ગોળી આપવાનું, વિટામિન, કેલ્શિયમની ગોળી આપવાનું, તેમને આંગણવાડી પર બોલાવી હેલ્થ ચેકઅપ માટે હેલ્થ સેન્ટરમાં લઈ જઈએ. સ્ત્રીઓને સરકારી યોજનાઓની માહિતી આપીએ. એક બાળકની જીભ અડધી કપાઈ હતી તો ડોક્ટરે તેનાં માતાપિતાને આ બાળકને અન્ય બાળકો વચ્ચે રાખવાનું કીધું હતું. એ બાળકને સૌથી પહેલા હું બોલવાનું કહેતી, તેને પ્રોત્સાહન આપતી આજે તે બાળક સામાન્ય બાળકની જેમ જ બોલી શકે છે. પ્રોફેસરની જોબમાં સેલેરી સારી હતી પણ મારા બાળકને સાચવવા ટાઈમ નહોતી આપી શકતી. આંગણવાડીની જોબમાં મને સેટીસ્ફેક્શન મળે છે. મારા માટે પૈસા મહત્ત્વના નહોતા એટલે જ મેં આ જોબ સ્વીકારી જ્યાં હું સેવાનું કામ કરતી હોવાનું પણ ફીલ થતું હોય છે.

**એસએમસીની હર એક આંગણવાડીમાં લગભગ 25 - 25 બાળકો હોય તેમને સંભાળવા, તેમના આરોગ્યની કાળજી લેવી આ કાર્ય એક સ્ત્રી જ બખૂબી કરી શકે એટલે આંગણવાડીમાં મહિલાઓને કાર્યકર અને તેડાગર (હેલ્પર) તરીકે જોડવામાં આવે છે. બાળકના શિક્ષણનો પાયો મજબૂત કરવામાં આંગણવાડી કાર્યકર મહિલાઓનો બહુ મોટો ફાળો રહ્યો હોય છે. લોકોને એવું લાગતું હોય કે આ મહિલાઓ દિવસના માત્ર 6 કલાકની જ નોકરી કરે છે પણ તેઓએ એ પણ સમજવું જોઈએ આ 6 કલાકમાં તેઓ ગરીબ સ્ત્રીઓનું આરોગ્ય સારું રાખવા, બાળકનું ફ્યુચર બ્રાઈટ બનાવવા માટેનાં અનેક કામો કરે છે. હવે તો સુરતની આંગણવાડીઓ પ્રાઈવેટ પ્લે ગ્રુપને ટક્કર મારે તેવી સુવિધાઓથી સજ્જ છે. આંગણવાડીની કાર્યકર બહેનો જે પ્રકારે કાર્ય કરે છે તેના પ્રમાણમાં તેમને મળતુ વેતન ઓછું હોવાનું કહેવાતું હોય છે.**

